ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરમાં ખાણી-પીણી બજાર ધમધમવા માંડયુ

ગાંધીનગર, તા.૨૨

કોરોના ઘટયો હોવાની અસર શહેરના રસ્તા અને બજારમાં પણ જોવા મળી રહી છે. કોરોના ઘટતાં ટ્રાફિક વધ્યો છે અને શહેરના ખાણીપીણી બજારોમાં સાંજે ભીડ જોવા મળી રહી છે. હાલમાં ધંધા રોજગાર કેટલાક અંશે પાટે ચઢી રહ્યા છે. ત્યારે બજાર વિસ્તારોમાં સંચાર શરૂ થયો છે. લાંબા સમય પછી રવિવારની રજાના દિવસે ખાણી પીણીના ટેક-અવે સેવામાં લોકોની ભીડ જોવા મળી હતી. શહેરના રસ્તાઓ પર બપોરના સમયે ગરમી અને બફારાના કારણે લોકોની સંખ્યા ઘટી જાય છે પરંતુ સવારે અને સાંજના સમયે લોકોની



અવરજવર વધવાથી ટ્રાફિકમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં આવેલી મીઠાઈની દુકાનો, બેકરીની દુકાનો, ફાસ્ટ ફુડની દુકાનોમાં ધીમે ધીમે લોકોની ભીડ વધી રહી છે. ગાંધીનગર સેકટર-૨૧માં આવેલી હોટ ફેવરિટ પૂજા પાર્લરમાં વર્તમાન સમયમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કોરોના કાળ બાદ ૭૦ ટકા લોકોની અવરજવર નોંધાઈ છે.

> **શનિવારે અને રવિવારે વધારે લોકો આવે છે. અમારે ધંધામાં પહેલા કરતા ૭૦ ટકા વધારો થયો છે. લોકોની ભીડ દિવસેને દિવસે વધતી જોવા મળે છે. લોકો કોરોનાથી ડરે તો છે જ પણ સરકારના નિયમોનું પાલન કરીને માસ્ક પહેરીને ખાણી પીણીની મજા માણી રહ્યા છે.**
> **-કૃણાલ વ્યાસ, પૂજા પાર્લર**

અષાઢ સુદ અગિયારસ (દેવપોઢી એકાદશી)થી શહેરમાં ગૌરીવ્રતનો પ્રારંભ થવાની સાથે જ આગામી ચાર મહિના સુધી તહેવારોની હરોળ લાગવાની છે તેથી મીઠાઈ અને બેકરીની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર વધવાની સાથે દુકાનદારોમાં પણ ખુશી છવાઈ ગઈ છે. સતત બે વર્ષ સુધી ધંધામાં ખોટ આવ્યા બાદ ધંધા રોજગારીમાં તહેવારોએ ખુશીની લહેર સર્જી છે. શહેરીજનોમાં કોરોનાનો ભય પહેલાની સરખામણીએ ઓછો જોવા મળી રહ્યો છે. લોકો માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા નજરે પડે છે. ગાંધીનગર સમાચારે ખાણીપીણીની દુકાનોમાંથી વિગતો લેતા જાણવા મળ્યું છે કે કોરોનાકાળ બાદ ૩૫ થી ૪૦ ટકા ગ્રાહકોની અવરજવર થતી હતી જે વર્તમાન સમયમાં વધીને ૭૦ ટકા થઈ છે. પહેલા રવિવારની રજા હોવા છતાં લોકો માર્કેટમાં ખરીદી અર્થે નહોતા નીકળતા જે હવે શનિવાર અને રવિવારના દિવસો નિયમિત ભીડ થતી જોવા મળે છે તેથી દુકાનદારોમાં પણ રાહત જોવા મળી રહે છે.

## ગાંધીનગરમાં ૨૫મી જુલાઈથી ત્રણ મંદિરોમાં દિવ્ય હિંડોળા ઉત્સવ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ અને સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ તેમજ સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩માં દર વર્ષે હિંડોળા ઉત્સવનું આયોજન ભકિતભાવથી કરવામાં આવે છે. હિંડોળા ઉત્સવ એક માસ સુધી અષાઢ વદ-૨ તા. ૨૫-૭-૨૦૨૧ થી શ્રાવણ વદ-૨ ૨૪-૮-૨૧ ચાલશે. ભકતો રોજ નિતનવા સુંદર સજાવેલા હિંડોળામાં ભગવાનને ઝુલાવશે.

હિંડોળા ઉત્સવ એક માસ સુધી ઉજવવામાં આવે છે. હિંડોળાના દેવત્વનો ઉદભવ વૃંદાવનમાં થયો હતો. જયાં ૫૦૦૦ વર્ષ પહેલાં ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને શણગારેલા હિંડોળા પર બેસાડયા હતા. આ પ્રસંગને લીધે હિંડોળા ઉત્સવનો હિંદુ ધર્મમાં વિશેષ દરજ્જો છે. હિંડોળા ઉત્સવમાં ભકતો ભજનો, કિર્તનો ગાય છે. હિંડોળા અનેક પ્રકારે સજાવાય છે જેમ કે શાકભાજી, ભરતકામના બુટા, ચોકલેટ સ્ટોન તથા મોતી, લીલો મેવો, સુકો મેવો, પવિત્રા, ચલણી નોટો, રાખડી, રૂદ્રાક્ષ લીલીઘટાના હિંડોળા વગેરેથી શણગારવામાં આવે છે. હિંડોળા ઉત્સવ એ પુષ્ટિમાર્ગ અને સ્વામિનારાયણ ધર્મ માટે સૌથી શુભ પર્વોમાંનું એક છે.

## ભાજપ દ્વારા પેથાપુર અને વાવોલ અનાજ વિતરણ કેન્દ્ર ખાતે કાપડની બેગનું વિતરણ



ગાંધીનગર, તા.૨૨

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દેશના ૮૦ કરોડ નાગરિકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહિને વિનામૂલ્યે અનાજ વિતરણ થઈ રહ્યું છે અને તે દિવાળી સુધી ચાલુ રહેવાનું છે ત્યારે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માધ્યમથી તૈયાર કરાયેલ અનાજ ભરવાની કાપડની બેગનું મહાનગરના વિવિધ વિસ્તારોમાં અનાજ વિતરણ કેન્દ્રો પર ભાજપા સંગઠનના તેમજ વોર્ડના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, ઉમેદવારો અને કાર્યકર્તાઓ દ્વારા લાભાર્થીઓને વિતરણ કરાઈ રહ્યું છે.

આજરોજ મહાનગરની હદમાં આવતા વાવોલ અને પેથાપુર ખાતે ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ અને મહાનગર ભાજપા પ્રમુખ રુચિર ભટ્ટે અનાજ વિતરણ કેન્દ્રની મુલાકાત લઈ કાપડની બેગનું વિતરણ કર્યું હતું તેમજ વાવોલ ખાતે રસીકરણ કેન્દ્રની મુલાકાત પણ કરી હતી. આ કાર્યક્રમમાં મહાનગરના મહામંત્રી કનુભાઈ દેસાઈ, કોષાધ્યક્ષ જયેશભાઈ બ્રહ્મભટ્ટ, કાર્યાલય મંત્રી હરીશ રાણા, વોર્ડ નંબર ૨, ૪ અને ૭ના ભાજપા સંગઠનના પ્રમુખ સહિત પદાધિકારીઓ, ભાજપા ઉમેદવારો તેમજ અગ્રણીઓ જોડાયા હતા.

## એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે ઓનલાઈન મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સેકટર-૨૩ ગાંધીનગરમાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ લાઈવ જોડાઈને પોતાના ઘરેથી મહેંદી મુકી હતી અને તેનું નિરીક્ષણ શાળાના શિક્ષક પટેલ ચેતનાબેન તેમજ સેજલબેન વાળા અને સુપરવાઈઝર સંગીતાબેન પટેલે કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ સ્થાને ખુશી વ્યાસ, બીજા સ્થાને જીયા પટેલ તથા ત્રીજા સ્થાને નિધિ પ્રજાપતિ રહ્યા હતા. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## રોહિદાસ સેવા સમાજ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪-૭-૨૧ શનિવારના રોજ 'ગુરૂપૂર્ણિમા'ની ઉજવણી કરવામાં આવશે. સવારે મંદિર ખાતે આરતી, ગુરૂપૂજન, ભજન તેમજ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે તેમ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ બી. પરમાર અને મંત્રી સુનિલકુમાર એમ. રાઠોડ તેમજ સમસ્ત કારોબારી સભ્યો દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સેકટર-૨૪માં દશામાના ગરબા આ વર્ષે બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૨૪માં દર વર્ષે દશામાંના વ્રત નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવતું હતું જે વર્તમાન કોરોના મહામારીના કારણે બંધ રાખવામાં આવ્યુ છે. દશામા યુવક મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભાવિક ભકતોને સરકારના નિયમ મુજબ પોતાની સાવચેતી રાખી નિયમોનું પાલન કરીને જ માતાજીના દર્શન કરવા માટે મંદિરમાં પ્રવેશ કરવાનો રહેશે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ઠાકોર લીલાબેન બાદરજી**, ઉ.વ. ૯૦, નારોલા, કડી
- **સ્વ. વાઘરી પ્રહલાદભાઈ ભાઈચંદભાઈ**, ઉ.વ. ૫૧, સેકટર-૨૪
- **સ્વ. રાણા રમીલાબેન પ્રવિણજી**, ઉ.વ. ૩૫, સે-૧૪ ગોકુળપુરા

## સાયન્સ સીટીમાં હવે વિદ્યાર્થીઓ માટે માત્ર રૂ. ૧૨૦માં તમામ આકર્ષણો

### વિદ્યાર્થીઓ રૂ.૨૦માં પ્રવેશ મેળવી રૂ.૫૦માં રોબોટિક ગેલેરી અને રૂ.૫૦માં એક્વેટિક ગેલેરી નિહાળી શકશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સાયન્સ સીટીમાં હાલના તબક્કે વિવિધ પેવેલિયનો અને આકર્ષણો ઉપલબ્ધ છે અને આ ઉપરાંત તાજેતરમાં ઉમેરાયેલા નવા ત્રણ આકર્ષણો સાયન્સ સીટીને વૈશ્વિક સ્તરે સાયન્સ મ્યુઝીયમ બનવાની દિશામાં આગળ લઈ જાય છે. સાયન્સ સિટીમાં વિકસાવાયેલા નવા આકર્ષણો સહિત તમામ વિભાગો વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન માટે ઉપયોગી હોવાથી તેમના માટે નવા રાહત સાથેના ટિકિટ દર જાહેર કરવામાં આવ્યાં છે જે અનુસાર સરકારી, ખાનગી કે ગ્રાન્ટેડ કોઈપણ શાળા કે કોલેજમાં ભણતા તમામ વિદ્યાર્થીઓ ફક્ત રૂ. ૧૨૦ના ખર્ચમાં સાયન્સ સિટી ખાતેના તમામ આકર્ષણો અને ગેલેરીની મુલાકાત લઈ શક્શે.

સાયન્સ સિટીમાં વિકસાવાયેલા નવા આકર્ષણો સાથે મુલાકાતનો ખર્ચ વધુ હોવાથી વિદ્યાર્થીઓને કેવી રીતે પોસાય તેવી રાવ ઉઠવા પામી હતી. આ બાબતને અનુલક્ષીને સાયન્સ સિટી દ્વારા નવા ટીકીટ દર અંગેની સ્પષ્ટતા કરવામાં આવી છે જે અનુસાર સરકારી, ખાનગી કે ગ્રાન્ટેડ કોઈપણ શાળા કે કોલેજમાં



ભણતા તમામ વિદ્યાર્થીઓ ફક્ત રૂ. ૧૨૦ના ખર્ચમાં સાયન્સ સિટી ખાતેના તમામ આકર્ષણો અને ગેલેરીની મુલાકાત લઈ શકશે અને વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર સાથે સંકળાયેલી તમામ બાબતો અંગે સંપૂર્ણ રીતે લાભાન્વિત થઈ શકશે. હાલના તબક્કે જે પ્રવેશ શુલ્ક અને જુદા જુદા આકર્ષણો માટે ટીકીટના દરો નક્કી કરવામાં આવેલ છે તે મુજબ શાળ કે કોલેજના કોઈ પણ વિદ્યાર્થી ફક્ત ૨૦ રૂપિયામાં સાયન્સ સીટી કેમ્પસમાં પ્રવેશ મેળવી શકે છે અને જેમાં હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, પ્લેનેટ અર્થ, લાઈફ સાયન્સ પાર્ક, એનર્જી એજ્યુકેશન પાર્ક વગેરેની મુલાકાત લઈ શકે છે. આ સિવાય નવા વિકાસ પામેલા આકર્ષણો પૈકી નેચર પાર્ક માટે કોઈ ફી નથી પરંતુ શાળા કે કોલેજના વિદ્યાર્થી માટે ફક્ત ૫૦ રૂપિયાના પ્રવેશ શુલ્કથી તેઓ એક્વેટીક ગેલેરીની મુલાકાત લેશે તથા તમામ ટેંકની તમામ માછલીઓનું નિર્દેશન, ખુબજ આકર્ષણ ધરાવનાર ટનલની મુલાકાત, એટ્રીયમની ફિલ્મનો આનંદ પણ લઈ શકશે. આ સાથે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સાથેના સમજુતી કરાર અંતર્ગત સાયન્સ સીટીની મુલાકાત લેતાં વિદ્યાર્થીઓ માટે સાયન્સ સીટીની મુલાકાત નિઃશુલ્ક મેળવી શકશે. આજ રીતે ફક્ત ૫૦ રૂપિયાની ફીથી તેઓ વૈશ્વિક કક્ષાની રોબોટિક ગેલેરીની પણ મુલાકાત કરી શકશે. આવનાર સમયમાં જે શાળા કે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ મારફતે સાયન્સ સીટીની મુલાકાત માટેનું આયોજન કરવામાં આવશે જેના લીધે ૧૨૦ રૂપિયાની સાધારણ ફી પણ આપ્યા વગર સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપરોક્ત આકર્ષણોની મુલાકાત લઈ શકાશે.

તેજ રીતે સામાન્ય મુલાકાતીઓ માટે ૫૦ રૂપિયા પ્રવેશ ફી, ૨૦૦ રૂપિયા એક્વેટીક ગેલેરી પ્રવેશ ફી અને ૨૫૦ રૂપિયા રોબોટીક ગેલેરી પ્રવેશ ફી એટલે કે ફક્ત રૂ. ૫૦૦/- માં સાયન્સ સીટીની મુલાકાત મેળવી સાયન્સ સીટીમાં વિજ્ઞાન સાથે સંકળાયેલા તમામ પેવેલિયનો અને આકર્ષણોની મુલાકાત લઈ શકશે અને સંપૂર્ણ માહિતી મેળવી શકશે.

વિશ્વ ભરના સાયન્સ મ્યુઝીયમ કે થીમ પાર્કની જેમ ગુજરાત સાયન્સ સીટીમાં પણ રેસ્ટોરન્ટ, સોવિનીયર શોપ અને અમુક થ્રીલ રાઈડ પણ છે જેના માટે મુલાકાતીઓ પોતાની રૂચિ પ્રમાણે જે તે વસ્તુ અથવા રાઈડના નિર્ધારિત શુલ્ક આપીને લાભ લઈ શકે છે.

## સેક્ટર-૫ના નિવૃત્તો વડીલોએ પ્રકૃતિપ્રેમથી વિકસાવ્યો અનોખો પ્રાકૃતિક બગીચો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ગુજરાતનું રાજકીય પાટનગર હોવાને કારણે એક કર્મચારીનગર છે અને આ શહેર એવું છે જ્યાં સૌથી નિવૃત્ત સરકારી કર્મચારીઓ વસવાટ કરે છે. પોતાની નોકરીમાં કાળ દરમ્યાન સતત વ્યસ્ત રહેલાં આ સરકારી બાબુઓને નિવૃત્તિ પછી શું પ્રવૃત્તિ કરવી તે પ્રશ્ન સતાવતો હોય છે ત્યારે ગાંધીનગરના સેકટર-૫એ ખાતે કેટલાક નિવૃત્ત સરકારી કર્મચારી-અધિકારીઓએ મળીને પોતાના પ્રકૃતિ પ્રેમને નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ બનાવી રહેઠાણની નજીકમાં એક સુંદર પ્રાકૃતિક બગીચો વિકસાવ્યો છે જે માત્ર આ નિવૃત્ત વડીલોને સમય પસાર કરવાથી મનપસંદ જગ્યા જ નથી બની રહ્યું પરંતુ કોરોના મહામારી જેવી બીમારીમાં સેકટરવાસીઓને ઉપરાંત અનેક શહેરીજનો માટે ઉપયોગી સાબિત થયો છે.

ગાંધીનગરના સેકટર-૫એ ખાતે પ્લોટ નં.૪૨૭ નજીક રોડ નં.૨ને સમાંતર વન વિભાગ આરક્ષિત જગ્યામાં ઘણા વર્ષોની મહેનતને અંતે આ બગીચો તૈયાર કરવામાં આવ્યો છે. ફૂટપાથ નજીક જંગલ ખાતાએ કરેલા બે તરફ ફેન્સીંગની વચ્ચે નજીકમાં રહેતા નિવૃત્ત પીઆઈ ઘનશ્યામસિંહ ગોલ, સિંચાઈ વિભાગમાંથી નિવૃત્ત થયેલા કાનજીભાઈ દેસાઈ, એકસ આર્મી સર્વિસમેન મનુભાઈ ચૌધરી, આરોગ્ય વિભાગના નિવૃત્ત કર્મચારી મનુભાઈ સંગાડા વગેરેએ નજીકમાં જ રહેતા કાયદા વિભાગના નિવૃત્ત અધિકારી જીતુભાઈ ડામોરની મદદથી વર્ષ ૨૦૦૯થી સતત મહેનત કરીને આ પ્રાકૃતિક બગીચો વિકસાવ્યો છે. આ બગીચો વિકસાવવાનું કાર્ય આ તમામ નિવૃત્ત મિત્રો માટે તેમના પ્રકૃતિપ્રેમ ઉપરાંત પર્યાવરણના ખોળે બેસીને સમય પસાર કરવાનું સાધન પણ બની રહ્યો છે. આ બગીચામાં તેમણે વિવિધ પ્રકારના ઘટાદાર વૃક્ષો ઉપરાંત દુર્લભ ઔષધિ સહિતના આયુર્વેદિક વૃક્ષો અને અલભ્ય છોડ-વેલા પણ વિકસાવ્યાં છે. આ બગીચો વિકસાવવા માટે નજીકમાં રહેતા નિવૃત્ત અધિકારી જીતુભાઈ ડામોરે સ્પેશ્યલ નળ મૂકીને પાણી પૂરું પાડવા ઉપરાંત બગીચા માટે જરુરી ઓજારો વસાવવાની સેવા પૂરી પાડી છે. નિવૃત્ત વડીલોએ પોતાની આગવી સૂઝથી વિકસાવેલા આ બગીચાની ઔષધીઓ કોરોના કાળમાં શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના માર્ગદર્શન હેઠળ શહેરીજનો માટે આયુર્વેદિક ઉકાળા વિતરણનો કાર્યક્રમ માટે ઉપયોગી નીવડી હતી જેનો લાભ અસંખ્ય નાગરિકોએ મેળવ્યો હતો. આ બગીચામાં ઉગતા ફળ ફૂલ તથા ઔષધીઓ આસપાસના દરેક વસાહતી સહજ રીતે વિનામૂલ્યે ઉપલબ્ધ રહે છે. નિવૃત્ત વડીલોની પ્રકૃતિપ્રેમી પ્રવૃત્તિથી સેક્ટરવાસીઓ ખુબ જ પ્રભાવિત છે.

### કોરોના થતાં દંપત્તિએ બગીચાને બનાવ્યુ હતું તેમનું કોરોન્ટાઇન સેન્ટર

આ બગીચો વિકસાવવામાં ફાળો આપનાર નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર ઘનશ્યામસિંહ ગોલ તથા તેમની ધર્મપત્ની સવિતા બા ગોલ બંન્ને કોરોના મહામારીની બીજી લહેરમાં સંક્રમિત થયાં હતાં. આ દરમિયાન તેમને હૉસ્પિટલમાં બેડ પ્રાપ્ય બન્યો ના હોવાથી તેઓએ સંક્રમણ કાળ દરમ્યાન ૨૦ દિવસ સુધી બગીચામાં જ વૃક્ષો નીચે પ્રાકૃતિક રીતે ઓક્સિજન મેળવી સમય પસાર કર્યો હતો અને માત્ર રાત્રિ દરમ્યાન જ પોતાના ઘરમાં સૂવા જતાં હતાં. આ બગીચામાં પેદા થતા શુધ્ધ અને ગરમ રોટલીની જેમ પીરસાતા પ્રાણવાયુને કારણે તેઓ ઝડપથી સાજા થઈ ગયાં હતાં.





### બગીચામાં વિકસાવેલા વૃક્ષો અને ઔષધીઓ

આ બગીચામાં વડીલોએ આંબા-૨૧, લીમડા-૨૫, જાંબુ-૭, ચીકુ, આંબલી, વડ, કણજી, વાંસ, બીલી, નગોડ, લીંબુડી, કેસૂડો, બોરસલ્લી, ઉમરો, સીતાફળી, મીઠા લીમડા ઉપરાંત રુદ્રાક્ષના ૩ વૃક્ષો ઉછેર્યા છે. આ ઉપરાંત ઔષધીઓમાં તુલસી, કડુ કરિયાતું, અરડુસી, પાન ફૂટી, સુંદર વેલ, સફેદ અને લાલ ચણોઠી, ગળો, કાર્ડ સાંકળ વગેરે ઉપરાંત ફળો-પુષ્પો માટે ચંપો, ગુલાબ, પારિજાત, કરણ, પપૈયા, લીંબુ, કુંવારપાઠું, મોગરાં, જાસૂદ, બારમાસી અને કેળ વગેરે ઉછેર્યા છે. આ બગીચાના પપૈયાના પાન ડેન્ગ્યુ-ચિકનગુનિયામાં અનેક દર્દીઓના બ્લડમાં ઘટી ગયેલા કાઉન્ટ વધારવામાં ઉપયોગી નીવડ્યાં છે.

## જન્મદિને વધામણી




શીતલબેન કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



જૈનિલકુમાર કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



સાહિલ રાઠોડ
મો. ૯૬૦૧૦ ૦૬૦૭૬



રિઝવાનભાઈ મન્સુરી
મો. ૯૯૨૪૫ ૩૦૦૪૨



પરમ પી. શુક્લ




ભાવસાર નિષ્ઠા એમ
મો. ૯૭૨૪૪ ૧૯૫૭૧




દિવ્યાંગ હર્ષદરાય જોષી
મો. ૯૭૨૭૭ ૨૩૯૯૯



મીત નાયક



પંકજ ગાંધી



સાહિલ રાઠોડ